# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- suratdeo@gmail.com ૦૨૬૧-૨૬૬૨૯૦૨ web :-www.suratdeo.or


જા.નં.મા-૨/૨૦૨૬/1643 તા.23/૦૧/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી,

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ

સુરત.જિ.સુરત

વિષય:- Digital Gujarat Portal પર પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય યોજનાઓની કામગીરી બાબત.

સંદર્ભ:- કમિશનર શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, બીજો માળ, સેકટર-૧૯, ગાંધીનગરનો પત્ર ક્રમાંક: COS/0356/01/2026 તા.૧૯/૦૧/૨૦૨૬

આ સાથે સામેલ કમિશનર શાળાઓની કચેરી,૧૯,ગાંધીનગરનો પત્ર ક્રમાંક: COS/0356/01/2026 તા.૧૯/૦૧/૨૦૨૬ પત્ર અન્વયે Digital Gujarat Portal પર પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય યોજનાઓની કામગીરી સમયમર્યાદામાં પૂરી કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત.જિ.સુરત

બિડાણ :- ઉક્ત પરિપત્રની નકલ

COS/0356/01/2026 Approved Date: 19-01-2026

કમિશનર શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, બીજો માળ,
સેક્ટર-૧૯, ગાંધીનગર

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિ.તમામ.

વિષય: Digital Gujarat Portal પર પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય યોજનાઓની કામગીરી બાબત. (શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬) (ધોરણ ૯ થી ૧૨)

સંદર્ભ: નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગરના પત્ર નં.અજાક/ગ-૧/૯/૨૫-૨૬/૧૩૫-૧૬૮, તા.૦૬/૦૧/૨૦૨૬

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભદર્શિત નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના પત્રથી જણાવ્યા મુજબ Digital Gujarat Portalમાં અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી હસ્તકની સામેલ પત્રક-અ મુજબની રાજ્ય સરકાર/ભારત સરકાર સરકારશ્રીની જુદી જુદી યોજનાઓનો અગાઉના વર્ષની જેમ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં અમલ કરવામાં આવે છે. વધુમાં, જણાવ્યા અનુસાર પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની માહિતી ચકાસતા ઘણા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની પ્રપોઝલ આચાર્યશ્રીઓ દ્વારા કરવામાં આવતી નથી તેવુ ધ્યાને આવેલ છે ખાસ કરીને પ્રાઈવેટ શાળાના વિદ્યાર્થીઓની પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની દરખાસ્તો શાળાઓ દ્વારા મોકલવામાં નથી આવતી તેવુ જણાયેલ છે. જે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે બિડાણના પત્રક મુજબની યોજનાઓની દરખાસ્તો તમામ શાળાઓ દ્વારા (પ્રાઈવેટ શાળાઓ સહિત) સમયમર્યાદામાં ઓનલાઇન મોકલવામાં આવે તેમજ પાત્રતા ધરાવતા કોઈ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ/સહાયથી વંચિત ન રહી જાય તે માટે આપના જિલ્લાની સંબંધિત શાળાઓને જરૂરી સૂચનાઓ આપવા જણાવેલ છે.

બિડાણ: ઉપર મુજબ

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી, સુરત.
આવક નંબર :- 7000
તારીખ :- ૨૧-૧-૨૬
સંખ્યા :-
સહી :-

નાયબ શિક્ષણ નિયામક (માધ્યમિક)
કમિશનર શાળાઓની કચેરી,
ગુ.રા.ગાંધીનગર

નકલ રવાના જાણ સારૂ:

નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, બ્લોક નં-૪/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

Signature Not Verified
by:Jayeshbhai Mohanbhai
Director
26.01.19
+5:30

File No: COS/MIS/e-file/276/2025/1420/SECONDARY
Approved By: Deputy Director,SECONDARY,COS
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

નં.અજાક/ગ-૧/૯/૨૫-૨૬/૧૩૫-૨૬૮
નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણ
૪/૨, ડો. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
Email: ddl-dscw@gujarat.gov.in
તા.૦૬/૦૧/૨૦૨૬

પ્રતિ,
કમિશ્નરશ્રી,
કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,
સમગ્ર શિક્ષા અભિયાન, વિદ્યા સમિક્ષા કેંદ્ર,
સેક્ટર-૧૯, ગાંધીનગર

વિષય:- Digital Gujarat Portal પર SC વિદ્યાર્થીઓની પ્રિમેટ્રીક મેટ્રીક શિષ્યવૃતિ / ગણવેશ સહાય યોજનાઓની કામગીરી બાબત (શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬) (ધોરણ:૯ થી ૧૦)

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ/સહાયનો લાભ સીધા તેઓના બેંક ખાતામાં એક જ જગ્યાએથી ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (D.B.T.)થી ચુકવી શકાય તે હેતુ થી રાજ્ય સરકારશ્રી દ્વારા Digital Gujarat Portal ડેવલોપ કરવામાં આવેલ છે. શાળાના આચાર્યશ્રીઓના સહકારથી ઉક્ત પોર્ટલ મારફત વિદ્યાર્થીઓની ઓનલાઇન દરખાસ્તો મંગાવી શિષ્યવૃતિ/ગણવેશ સહાય/સાયકલ સહાય યોજનાની કામગીરી કરવામાં આવે છે. Digital Gujarat Portalમાં હાલ અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની આ સાથેના પત્રક-અ મુજબની રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની જુદી જુદી યોજનાઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

વધુમાં પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની માહિતી ચકાસતા ઘણા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની પ્રપોઝલ આચાર્યશ્રીઓ દ્વારા કરવામાં આવતી નથી તેવુ ધ્યાને આવેલ છે ખાસ કરીને પ્રાઇવેટ શાળાના વિદ્યાર્થીઓની પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની દરખાસ્તો શાળાઓ દ્વારા મોકલવામાં નથી આવતુ તેવુ જણાય છે. આમ શૈક્ષણિક વર્ષ:૨૦૨૫-૨૬ માટે આ સાથેના પત્રક મુજબની યોજનાઓની દરખાસ્તો તમામ શાળાઓ દ્વારા (પ્રાઇવેટ શાળાઓ સહિત) સમયમર્યાદામાં ઓનલાઇન મોકલવામાં આવે તેમજ પાત્રતા ધરાવતા કોઇ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ/સહાયથી વંચિત ન રહી જાય તે માટે આપની કક્ષાએથી જિલ્લાની સંબધિત કચેરીઓને જરૂરી સૂચનાઓ આપવા વિનંતી છે.

નિયામક
અનુસુચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય ગાંધીનગર

બિડાણ: ઉપર મુજબ
નકલ રવાના:
- જિલ્લા નાયબ નિયામકશ્રી (અ.જા.ક.) જિ................ તમામ તરફ જાણ તેમજ શિક્ષણ વિભાગની જિલ્લા કચેરીઓ સાથે સંકલનમાં રહી ઉક્ત કામગીરી તાત્કાલિક પૂર્ણ કરવા તેમજ પ્રાઇવટ શાળાઓમાં પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને પણ શિષ્યવૃત્તિ મળી રહે તે માટે આનુષાંગિક કામગીરી કરવા સારૂ.
નકલ સવિનય રવાના:
- સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર તરફ જાણ સારૂ.

વર્ષ: ૨૦૨૫-૨૬માં Digital Gujarat Portal મારફત Online કરવાની થતી પ્રિમેટ્રીક શિષ્યવૃતિ/ગણવેશ સહાય/સાયકલ સહાય યોજનાઓની વિગત

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત રાજ્ય

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગર

| ક્રમ | યોજનાનુ નામ | જાતિ | ધોરણ | કુમાર કન્યા | શિષ્યવૃતિ દર / સહાય (વાર્ષિક) | વાર્ષિક આવક મર્યાદા | શાળાઓની વિગતો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | BCK-2/71 PreMatric Scholarship For SC (Std: 1 to 8) & (Std: 9 to 10) (GoG) | SC (અનુસૂચિત જાતિ) | ધો.૧ થી ૫ | કુમાર/ કન્યા | રૂ.૭૫૦/- | આવક મર્યાદા નથી | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત શાળાઓ/ આશ્રમશાળાઓ |
| | | | ધો. ૬ થી ૮ | કુમાર | રૂ.૭૫૦/- | | |
| | | | ધો. ૬ થી ૮ | કન્યા | રૂ.૧૦૦૦/- | | |
| | | | ધો. ૯ થી ૧૦ | કુમાર/ કન્યા | રૂ.૧૦૦૦/- | | |
| ૨ | BCK-17 Scholarship for Most Backword Class Among SC Students (Std: 1 to 8) & BCK-17A : (Std: 9 to 10) (GoG) | SC (માત્ર અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિ) | ધો ૧ થી ૮ | કુમાર/ કન્યા | રૂ. ૧૦૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત શાળાઓ / આશ્રમશાળાઓ |
| | | | ધો ૯ થી ૧૦ | કુમાર/ કન્યા | રૂ.૧૫૦૦/- | | |
| ૩ | BCK-16 Uniform Assistance to SC Students (Std: 1 to 8) (GoG) | SC (તમામ અનુસૂચિત જાતિ) | ધો ૧ થી ૮ | કુમાર/ કન્યા | રૂ.૯૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત શાળાઓ / આશ્રમશાળાઓ |
| ૩એ | BCK-16A Uniform Assistance to SC Students (In Balvatika) (GoG) | SC (અનુસૂચિત જાતિ) | બાલવાટીકા | કુમાર/ કન્યા | રૂ.૯૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત શાળાઓ / આશ્રમશાળાઓ |
| ૪ | BCK-4 Scholarship for Those Engaged in Cleaning and Prone to Health Hazards Occupation (Std: 1 to 8) & (Std: 9 to 10) (GoI) | સ્વચ્છતાના વ્યવસાયમાં રોકાયેલ વાલીના બાળકો | ધો ૧ થી ૧૦ | કુમાર/કન્યા | (ધો:૩ થી ૧૦) હોસ્ટેલરને રૂ.૮૦૦૦/- (ધો: ૧ થી ૧૦) ડેસ્કોલરને રૂ.૩૫૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત શાળાઓ / આશ્રમશાળા |
| ૫ | BCK-35 (239) PreMatric Scholarship for SC Students (Std: 9-10) (GoI) | SC (તમામ અનુસૂચિત જાતિ) | ધો-૯ થી ૧૦ | કુમાર/કન્યા | હોસ્ટેલરને રૂ.૭૦૦૦/- ડેસ્કોલરને રૂ.૩૫૦૦/- | રૂ.૨,૫૦,૦૦૦/- | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત શાળાઓ / આશ્રમશાળાઓ |
| ૬ | BCK-6 Free Cycle Scheme for Scheduled Caste Girls Students studying in Std:9 (Saraswati Sadhana Yojana) | SC (તમામ અનુસૂચિત જાતિ) | ધો: ૯ | માત્ર કન્યા | મફત સાયકલ સહાય | રૂ.૬,૦૦,૦૦૦/- | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત માધ્યમિક શાળાઓ |

નોંધ: ક્રમનં: ૪ તથા ૫ મુજબની યોજના અતર્ગત કુલ શિષ્યવૃત્તિની ૪૦% રકમ રાજ્ય સરકારશ્રી દ્વારા ચુકવવામાં આવશે જ્યારે બાકીની ૬૦% રકમ કેંદ્ર સરકારશ્રી દ્વારા ડાયરેક્ટ વિદ્યાર્થીઓના બેંક ખાતામાં ચુકવવામાં આવશે. વધુમાં આ રકમ આધારબેઝ એટલેકે આધારનંબર સાથે જે બેંક ખાતુ લીંક હશે તેમા જ ચુકવવામાં આવશે જેથી તમામએ નોંધ લેવાની રહેશે.